સ.મ.મુ. મ-૬૬-૨૦૦૦-૪-૨૦

રાજ્ય સરકારના વર્ગ-૩ અને ૪ ના તમામ સંવર્ગો પરની જગ્યાઓ ઉપર સીધી ભરતીથી થતી નિમણૂકોનો ફીકસપગાર સુધારવા બાબત...

ગુજરાત સરકાર
ઠરાવ ક્રમાંકઃ ખરચ-૨૦૦૨-૫૭-ઝ.૧
નાણા વિભાગ
સચિવાલય,ગાંધીનગર.
તા.૨૯મી, એપ્રિલ,૨૦૧૦

સંદર્ભ (૧) નાણા વિભાગનો તા.૧૬/૨/૨૦૦૬નો ઠરાવ ક્ર: ખરચ-૨૦૦૨-૫૭-ઝ.૧.
(૨) નાણા વિભાગનો તા.૧/૮/૨૦૦૬ નો ઠરાવ ક્ર: ખરચ-૨૦૦૨-૫૭-ઝ.૧
(3) સામાન્ય વહીવટ વિભાગનો તા.૪/૬/૨૦૦૯નો ઠરાવ ક્ર:સીઆરઆર/ ૧૧૨૦૦૮/૪૩૩/૭૧૭/ગ.૫

આ મુ ખઃ-

સંદર્ભ (૧) અને (૨) માં દર્શાવેલ નાણા વિભાગના તા.૧૬/૨/૨૦૦૬ અને તા.૧/૮/૨૦૦૬ના ઠરાવોથી રાજ્ય સરકારની કચેરીઓમાં વર્ગ-૩ અને ૪ ના તમામ સંવર્ગમાં રાજ્ય સરકારની કરકસરની નીતિના ભાગરૂપે ૫ (પાંચ) વર્ષ માટે ફીકસ પગારથી સીધી ભરતીથી નિમણૂકો કરવાની નીતિ અમલમાં મૂકવામાં આવેલ છે. આ ઠરાવો સંદર્ભમાં સામાન્ય વહીવટ વિભાગના સંદર્ભ (૩) માં દર્શાવેલ તા. ૪/૬/૨૦૦૯ ના ઠરાવથી કરાર આધારિત ફીકસ પગારથી નિમણૂંક મેળવેલ લેવાની શરતો અને બોલીઓ નિયત કરવામાં આવેલ છે. છેલ્લાં કેટલાંક સમયથી ઉકત ઠરાવો અન્વયે નિયત કરવામાં આવેલ ફીકસ પગારમાં વધારો કરવા બાબતે રાજ્ય સરકારને વ્યક્તિગત, સ્વયંસેવી સંસ્થાઓ,કર્મચારી મંડળો વિગેરે મારફતે રજુઆતો મળેલ હતી. જેને ધ્યાનમાં લેતાં, સંદર્ભ (૧) થી નિયત કરેલ ફીકસ પગારની રકમ સુધારવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી.

ઠ રા વઃ-

રાજ્ય સરકારે કાળજીપૂર્વકની વિચારણાના અંતે તા.૧૬/૨/૨૦૦૬ના ઠરાવના પારા-૫ અન્વયે માસિક ઉચ્ચક વેતનના નકકી કરેલ દરમાં નીચેના પત્રકમાં દર્શાવ્યા અનુસાર વધારો કરી હાલના ફીકસ પગારમાં સુધારો કરવા નિર્ણય કરેલ છે..

## પત્રક

| અ.નં. | વર્ગ | પગાર ધોરણ (પાંચમું પગાર પંચ મુજબ રૂ. | હાલનો ફીકસ પગાર રૂ. | સુધાર્યા મુજબનો ફીકસ પગાર રૂ. |
|---|---|---|---|---|
| ૧ | વર્ગ-૪ | ૨૫૫૦-૩૨૦૦ | ૧૫૦૦ | ૩૫૦૦ |
| ૨ | ,, | ૨૬૧૦-૩૫૪૦ | | |
| ૩ | ,, | ૨૬૫૦-૪૦૦૦ | | |
| ૪ | ,, | ૨૭૫૦-૪૪૦૦ | ૨૫૦૦ | ૪૫૦૦ |
| ૫ | વર્ગ-૩ | ૩૦૫૦-૪૫૯૦ | | |
| ૬ | ,, | ૪૦૦૦-૬૦૦૦ | | |
| ૭ | ,, | ૪૫૦૦-૭૦૦૦ | ૩૫૦૦ | ૫૦૦૦ |
| ૮ | ,, | ૫૦૦૦-૮૦૦૦ | | |
| ૯ | વર્ગ-૩ | ૫૫૦૦-૯૦૦૦ | ૪૫૦૦ | ૬૦૦૦ |
| ૧૦ | વર્ગ-૩ | ૬૫૦૦-૧૦૫૦૦ | | |

રાજ્ય સરકારના ફીકસ પગારના હાલમાં ઉપર દર્શાવેલ સુધારેલ ફીકસ પગારનો અમલ તા.૧/૫/૨૦૧૦થી કરવાનો રહેશે. હવે પછી રાજ્ય સરકારમાં ફીકસ પગારના તા.૧૬/૨/૨૦૦૬ના ઠરાવ અન્વયે કરવામાં આવનાર ભરતીમાં પણ ઉપર સુધાર્યા અનુસારનો ફીકસ પગારનો દર લાગુ પડશે.

નાણા વિભાગના સંદર્ભ ૧ અને ૨ માં દર્શાવેલ અનુક્રમે તા. ૧૬/૨/૨૦૦૬ અને તા. ૧/૮/૨૦૦૬ના ઠરાવોમાં તેમજ સામાન્ય વહીવટ વિભાગના સંદર્ભ (૩) માં દર્શાવેલ તા.૪/૬/૨૦૦૯ના ઠરાવમાં દર્શાવેલ અન્ય તમામ શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી.બી.દરજી)
નાયબ સચિવ,
નાણા વિભાગ.

પ્રતિ.,

*માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન,ગાંધીનગર
માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
માનનીય મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ
માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
*સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
*સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
*રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ
*સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર
*સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
સચિવાલયના સર્વે વિભાગો
એકાઉન્ટન્ટ જનરલશ્રી (૧) ઓડિટ, અમદાવાદ
સિનિયર એકાઉન્ટન્ટ જનરલશ્રી (૨) (એ.એન્ડ ઇ) રાજકોટ
સિનિયર એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડિટ) રાજકોટ
સર્વે ખાતાના વડાઓ/કલેકટરશ્રીઓ/જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
સર્વે કચેરીઓના વડાઓ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, નર્મદા યોજના, ગાંધીનગર/વડોદરા
નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ/સર્વે સહાયક નિરીક્ષકશ્રીઓ
નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/સર્વે શાખાઓ
સીસ્ટમ મેનેજરશ્રી, ટી.સી.એસ. નાણા વિભાગ( ઓન લાઇન મુકવા સારૂ)
પસંદગી ફાઇલ

* પત્ર દ્વારા